# પંચ સૂત્ર
## પ્રથમ સૂત્ર
## પાપ પ્રતિઘાત

ણમો વીતરાગાણં સવ્વણ્ણૂણં દેવિંદપૂઇયાણં જહટ્ઠિય-વત્થુવાઈણં તેલોક્કગુરૂણં અરુહંતાણં ભગવંતાણં જે એવમાઇક્ખંતિ - ઇહ ખલુ અણાઇજીવે, અણાદિજીવસ્સ ભવે અણાદિ – કમ્મસંજોગ -નિવ્વત્તિએ, દુક્ખરુવે, દુક્ખફલે, દુક્ખાણુબંધે એયસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધધમ્માઓ. સુદ્ધધમ્મસંપત્તી પાવ-કમ્મવિગમાઓ. પાવકમ્મવિગમો તહાભવ્વત્તાદિભાવાઓ

તસ્સ પુણ વિવાગસાહણાણિ 1 ચઉસરણગમણં 2 દુક્કડ-ગરિહા 3 સુકડાસેવણં, અઓ કાયવ્વમિણં હોઉકામેણં સયા સુપ્પણિહાણં, ભુજ્જો ભુજ્જો સંકિલિસે, તિકાલમસંકિલિસે.

જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગણાહા અણુત્તર-પુણ્ણસંભારા ખીણરાગદોસમોહા, અચિંતચિંતામણી, ભવજલહિપોયા, એગંતસરણ્ણા અરહંતા સરણં.

તહા પહીણજરામરણા અવેયકમ્મકલંકા પણટ્ઠવાબાહા, કેવલનાણદંસણા, સિદ્ધિપુરવાસી, નિરુવમસુહસંગયા, સવ્વહા કયકિચ્ચા સિદ્ધા સરણં.

તહા પસંતગંભીરાસયા, સાવજ્જજોગવિરયા પંચવિહાયારજાણગા, પરોવયારનિરયા, પઉમાઇણિદંસણા, ઝાણજઝયણસંગયા, વિસુજઝમાણભાવા સાહૂ સરણં.

તહા સુરાસુરમણુયપૂઇઓ, મોહતિમિરંસુમાલી, રાગદોસ વિસપરમમંતો, હેઊ સયલકલ્લાણાણં, કમ્મવણવિહાવસૂ, સાહગો સિદ્ધભાવસ્સ, કેવલિપણ્ણત્તો ધમ્મો જાવજ્જીવં મે ભગવં સરણં.

સરણમુવગઓ અ એએસિં ગરિહામિ દુક્કડં.

જ ણં અરહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા, ઉવજઝાએસુ વા, સાહૂસુ વા, સાહુણીસુ વા, અન્નેસુ વા ધમ્મટ્ઠાણેસુ માણણિજ્જેસુ પૂયણિજ્જેસુ, તહા માઈસુ વા, પિઈસુ વા, બંધૂસુ વા, મિત્તેસુ વા, ઉવયારીસુ વા, ઓહેણ વા જીવેસુ, મગ્ગટ્ઠિએસુ, અમગ્ગટ્ઠિએસુ, મગ્ગસાહણેસુ, અમગ્ગ-સાહણેસુ, જં કિંચિ વિતહમાયરિયં અણાયરિયવ્વં અણિચ્છિયવ્વં પાવં પાવાણુબંધિ સુહમં વા બાયરં વા મણેણ વા વાયાએ વા કાએણ વા કયં વા કારિયં વા અણુમોઇયં વા રાગેણ વા દોસેણ વા મોહેણ વા, એત્થ વા જમ્મે જમ્મંતરેસુ વા, ગરહિયમેયં દુક્કડમેયં ઉજ્જિઝયવ્વમેયં, વિઆણિયં મએ કલ્લાણમિત્તગુરુભયવંત-વયણાઓ, એવમેયં તિ રોઇયં સદ્ધાએ, અરહંત-સિદ્ધસમક્ખં ગરહામિ અહમિણં "દુક્કડમેયં ઉજ્જિઝયવ્વમેયં' એત્થ મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં, મિચ્છામિ દુક્કડં.

હોઉ મે એસા સમ્મં ગરહા. હોઉ મે અકરણનિયમો. બહુમયં મમેયં તિ ઇચ્છામિ અણુસટ્ઠિં અરહંતાણં ભગવંતાણં ગુરુણં કલ્લાણ-મિત્તાણં તિ.

હોઉ મે એએહિં સંજોગો. હોઉ મે એસા સુપત્થણા. હોઉ મે એત્થ બહુમાણો. હોઉ મે ઇઓ મોક્ખબીયં. પત્તેસુ એએસુ અહં સેવારિહે સિયા, આણારિહે સિયા, પડિવત્તિજુત્તે સિયા, નિરઇઆરપારગે સિઆ.

સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુકડં. અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં અણુટ્ઠાણં, સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં, સવ્વેસિં આયરિયાણં આયારં, સવ્વેસિં ઉવજઝાયાણં સુત્તપ્પયાણં, સવ્વેસિં સાહૂણં સાહુકિરિયં, સવ્વેસિં સાવગાણં મોક્ખસાહણજોગે, એવં સવ્વેસિં દેવાણં સવ્વેસિં જીવાણં હોઉકામાણં કલ્લાણાસયાણં મગ્ગસાહણજોગે.

હોઉ મે એસા અણુમોયણા સમ્મં વિહિપુવ્વિગા, સમ્મં સુદ્ધાસયા, સમ્મં પડિવત્તિરુવા, સમ્મં નિરઇયારા, પરમગુણજુત્તઅરહંતાદિસામત્થઓ, અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો વીઅરાગા, સવ્વણ્ણૂ પરમકલ્લાણા પરમકલ્લાણહેઊ સત્તાણં.

મૂઢે અમ્હિ પાવે અણાઇમોહવાસિએ, અણભિણ્ણે ભાવઓ હિયાહિયાણં અભિણ્ણે સિયા, અહિયનિવિત્તે સિયા, હિયપવિત્તે સિયા, આરાહગે સિયા, ઉચિયપડિવત્તીએ સવ્વસત્તાણં, સહિયં તિ ઇચ્છામિ સુક્કડં, ઇચ્છામિ સુક્કડં, ઇચ્છામિ સુક્કડં.

એવમેયં સમ્મં પઢમાણસ્સ સુણમાણસ્સ અણુપ્પેહમાણસ્સ સિ઼ઢિલીભવંતિ પરિહાયંતિ ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા. નિરણુબંધે વાડસુહકમ્મે ભગ્ગસામત્થે સુહપરિણામેણં કડગબદ્ધે વિય વિસે અપ્પફલે સિયા સુહાવણિજ્જે સિયા, અપુણભાવે સિઆ.

તહા આસગલિજ્જંતિ પરિપોસિજ્જંતિ નિમ્મવિજ્જંતિ સુહકમ્માણુબંધા. સાણુબંધં ચ સુહકમ્મં પગિઢં પગિઢ-ભાવજ્જિયં નિયમફલયં સુપ્પઉત્તે વિય મહાગએ સુહફલે સિયા, સુહપવત્તગે સિયા, પરમસુહસાહગે સિયા. અઓ અપ્પડિબંધમેયં અસુહભાવનિરોહેણં સુહભાવબીયં તિ સુપ્પણિહાણં સમ્મં પ઼ઢિયવ્વં સોયવ્વં અણુપ્પેહિયવ્વં તિ.

નમો નમિયનમિયાણં પરમગુરુવીયરાગાણં. નમો સેસ-નમોક્કારારિહાણં. જયઉ સવ્વણ્ણુસાસણં. પરમસંબોહીએ સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા.

### નિત્ય આરાધના વિધિ

ઇશાન ખુણા સન્મુખ શ્રી સીમંધર સ્વામી પ્રભુને ત્રણ ખમાસણા દઈ પ્રાર્થના કરવી, “હે પરમતારક દેવાધિદેવ પ્રભો ! અનાદિકાલથી આજ સુધી અનંત ભવોમાં જીવે જે કાંઇ હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-અભ્યાખાન-પૈશુન્ય-પરપરિવાદ-રતિ-અરતિ-માયામૃષાવાદ અને મિથ્યાત્વ શલ્ય એ અઢાર પાપસ્થાનકો સેવન કર્યા હયો, સેવન કરાવ્યા હોય, કરતાં ને અનુમોદ્યા હોય. અનેરું જે કાંઇ વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ આચરણ કર્યું-કરાવ્યું-અનુમોદ્યું હોય તેના માટે હું ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું. મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું.

હે પ્રભો ! પૂર્વે અનંત ભવોમાંહિ મારા જીવે જે કાંઈ શ્રી અરિહંત દેવો, ગુરૂ ભગવન્તો, શ્રી જૈનધધર્મની વિરાધના કરી હોય આશાતના કરી હોય, ઉત્સૂત્ર પ્રરૂપણ કર્યું હોય તો તેના માટે હું મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુકકડં દઉં છું.

હે પ્રભો ! આપની ભક્તિના પ્રભાવે મને શ્રી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નની પ્રાપ્તિ થાઓ ! ભવોભવ આપના ચરણની સેવા મળે જેના પ્રતાપે હું જિન આજ્ઞા અનુસાર આરાધના કરવા પૂર્વક કર્મોનો નાશ કરી મોક્ષ સુખ પ્રાપ્ત કરૂં.

હે પ્રભો ! આપની કૃપાથી મને એવી શક્તિ પ્રાપ્ત થાઓ, જે દ્વારા હું મારા કર્તવ્યો નીતિ-ન્યાય-અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ વ્રતોનું પાલન કરી શકું. પ્રાણિમાત્ર પ્રત્યે મૈત્રીભાવના, ગુણ શીલ પ્રત્યે પ્રમોદ ભાવના, દીન દુઃખી પ્રત્યે કરુણા ભાવના, ધર્મ વિહુણા પ્રત્યે મધ્યસ્થ ભાવના ભાવનારો બનું.

સર્વથા સહુ સુખી થાઓ, પાપ ન કોઈ આચરો,<br>
રાગ-દ્વેષથી મુક્ત થઈને, મોક્ષ સુખ હુ જગ વરો,

**સવારે ઊઠવાની મંગલકારી વિધિ શું છે તમને ખબર છે ?**

‘સૂતાં સાત ઊઠતાં આઠ’ સવારે ઊઠતી વખતે આંખો બંધ કરી અંજલિબદ્ધ પ્રણામ (બન્ને હાથના અંગૂઠા સામ-સામા રાખી જમણા હાથની આંગળીઓ ઉપર આવે તેમ બન્ને હાથની આંગળીઓ ભેગી કરવી) સાથે આઠ કર્મને દૂર કરવા આઠ નવકાર ગણવા.

અંજિલને ખોલી સિદ્ધશિલા અને એની ઉપર બિરાજમાન 24 તીર્થંકર પરમાત્માના દર્શન કરવા. પુરૂષોએ પહેલાં જમણો હાથ અને બહેનોએ ડાબો હાથ જોવો. ચોવીશે વેઢામાં ક્રમસર તે-તે તીર્થ અને તીર્થંકર પરમાત્માના આનંદભેર દર્શન કરી પાવન થવું. એક-એક નવકાર પણ ગણી શકાય.

સ્વર-શ્વાસ જોઈ જે સ્વર ચાલતો હોય એ પગ પથારીથી નીચે મૂકવો. ત્યારબાદ નીચે મુજબ વર્તમાન ભાવતીર્થંકર સ્વરૂપ શ્રી સીમંધરસ્વામીજી પાસે પ્રાર્થના કરી શકાય(અહિં પૂર્વના પાનાની વિધિ લેવી.)

**રાત્રિના ખરાબ સ્વપ્નના દોષ કે પાપને નિવારવાની પણ વિધિ છે એ તમને ખબર છે ?**

સામાયિક-પ્રતિક્રમણ કરવાં. છેવટે ન થાય તો કમ-સે-કમ રાત્ર આવેલ ખરાબ સ્વપ્નાદિ દોષોના નિવારણ માટે કુસુમિણ-દુસુમિણ ઓહડાવર્ણાર્થં રાઇય પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં કુસુમિણ કરેમિ કાઉસગ્ગ અન્નત્થ.

4 લોગસ્સ બ્રહ્મચર્યનાશક સ્વપ્ન આવ્યું હોય તો સાગરવરગંભીરા સુધી (નહીં તો ચંદેસુ નિમ્મલયરા સુધી) અથવા 16 નવકારનો કાઉસગ્ગ પાળીને ઉપર એક લોગસ્સ.

પછી હાથ જોડી સાત લાખ અને પહેલે પ્રાણાતિપાત બોલવા...

**પ્રભુ દર્શનની શાસ્ત્રીય વિધિ**

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડો, ન લહે તત્ત્વ સંકેત.

**વિધિનું જ્ઞાન શા માટે જરૂરી...**

વિધિથી નિરપેક્ષ રહીને ગમે તેવી કીંમતી પૂજા કરવામાં પણ થવો જોઈએ તેવો આત્મિક લાભ આપણને પ્રાપ્ત થઈ શકતો નથી...

રૂપિયાની કમાણી ‘ચાર આનામાં’ વેડફાઈ ન જાય તે માટે શાસ્ત્રીય વિધિ જાણીને...શક્ય હોય તેટલી અવિધિ દૂર કરી, શુદ્ધ ક્રિયા કરવા માટે વિધિનું જ્ઞાન જરૂરી છે...

માટે જ જ્ઞાની ભગવંતો ફરમાવે છે, કે – **“પહેલું જ્ઞાન ને પછી રે ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે..”**

**પ્રભુદર્શનનું શુદ્ધ-પૂર્ણ ફળ પામવા શું કરવું અને શું ન કરવું ? તે જાણો છો ?**

પ્રભુદર્શન કરવા જઈએ ત્યારે બીજું સાંસારિક કામ સાથે ન રાખવું. (દૂધનું ટમલર કે શાકની થેલી આદિ સાથે ન લેવા.)

પ્રભુના દેરાસરના શિખરનું દર્શન થાય ત્યારે લલાટે હાથ જોડી ‘નમો નિત્યસ્સ’ કહો.

દેરાસરમાં પ્રવેશ કરતી વખતે ખાવા-પીવાની કોઈ પણ વસ્તુ ખિસ્સામાં ન રખાય. (દવાની ટીકડી પણ નહિ) મોઢું એઠું હોય તો પાણીથી સાફ કર્યા પછી જ પ્રવેશ કરવો.

ઉર્ધ્વગતિ પમાડનારી પરમાત્માની 'આજ્ઞા' મસ્તકે (આજ્ઞાચક્ર ઉપર) ચઢાવું છું.તેવા ભાવ સાથે ભાઈઓએ શિખા કે બદામ આકારનું અને બહેનોએ સમર્પણ ભાવના પ્રતીક સમાન સૌભાગ્ય સૂચક ગોળ 'તિલક' કરવું કે જેથી સંસારની મમતાથી શૂન્ય બની જ્ઞાનાનંદની સંપૂર્ણતા પમાય.

ધૂપ સ્વદ્રવ્યથી લાવેલું હોય તો શ્રેષ્ઠ. જો ત્યાંનું જ લેવું હોય તો વિવેક રાખવો. પહેલાંથી ધૂમદાનીમાં ધૂપ ચાલું જ હોય તો એનાથી ધૂપ કરવો. ન હોય તો એક(બે-ત્રણ નહિ) ધૂપની સળી લઈ ધૂપ કરવો. (ચરબીવાળી કે લાકડીવાળી અગરબત્તી ન વાપરવી.)

ધૂપ અને દીપપૂજા ગભારા બહાર રહીને કરવી...ભગવાનની એકદમ નજીક કે નાકની પાસે ધૂપદાનીને લઈ જવી અવિધિ છે.

ધૂપ-દીપ કે આરતી નાકથી ઉપર અને નાભિથી નીચે ન લઈ જવી.

ધૂપ ભગવાનની ડાબી બાજુ (આપણી જમણી) રાખો અને દીપક ભગવાનની જમણી બાજુ (આપણી ડાબી બાજુ) મૂકવો.

સંસાર નૃત્ય મુક્ત થવા માટે ચામર વીંઝતાં નૃત્યપૂજા કરવી. પછી દર્પણમાં પ્રભુનું મુખ જોઈ પંખો નાંખવો. જેથી મિથ્યાત્વ દુર્ગંધ દૂર થઈ પરમાત્મારૂપ આત્મસ્વરૂપના દર્શન થાય.

**"નિસીહ" નો અર્થ શું ? અને ક્યા ભાવથી આ બોલવું તે યાદ રાખશો ?**

નિસીહ એટલે સંસારના તમામ પાપ-વિચારો-વ્યાપારોનો ત્યાગ કરું છું.

પહેલાં મુખ્ય દ્વારે નિસીહે બોલી ને પ્રવેશ કરવો. દ્વારના ઉંબરામાં બે વાઘ જેવા જલગ્રાહના મોઢા છે. એ બન્ને રાગ-દ્વેષના પ્રતીક માની 'હું રાગ-દ્વેષ ઉપર મગ મૂકીને અંદર જાઉં છું, માટે ગમે તેવ સંયોગો આવે તો પણ દેરાસરમાં રાગ-દ્વેષ નહિ કરૂં.' એવી ઉત્તમ ભાવના ભાવવી. ( એ બેની વચ્ચે જે ગોળાકાર છે ત્યાં હાથથી સ્પર્શ કરી માથે ચડાવી શકાય.) અહંકારથી શૂન્ય બની સંપૂર્ણ સમર્પણનો ભાવ કરવો.

પ્રભુ દર્શન થતાંની સાથે જ પુરૂષોએ લલાટે અને બહેનોએ મુખ આગળ અંજલીબદ્ધ પ્રણામ કરી 'નમો જિણાણં' બોલવું.

છેલ્લે પ્રભુ દર્શન તથા પૂજનથી થયેલા હર્ષને વ્યક્ત કરવા બીજા કોઈને* અંતરાય ન થાય તેમ હળેવતી 'ઘંટ' વગાડવો. પ્રબુજીને 'પુંઠ' ન પડે તે રીતે જિનાલયની બહાર નીકળવું. ન્હવણ જળ લેવું. ઓટલે બેસી આંખો બંધ કરી ત્રણ નવકારનું સ્મરણ કરી હૃદયમાં ભક્તિભાવોને સ્થિર કરવા. પૂ. સાધુ-સાધ્વીજી ભ. ઉપાશ્રયમાં બિરાજમાન હોય તો ત્યાં જઈને ગુરૂવંદન કરી તેમના 'શ્રીમુખે' ફરી પચ્ચક્ખાણ ગ્રહણ કરવું. આજે થયેલા સુકૃતના આનંદ સાથે અને પ્રભુ વિહરનાં દુઃખ સાથે ગૃહ તરફ પ્રયાણ કરવું.

**જિનાલયમાં ધ્યાનમાં રાખવાલાયક સૂચનો. (45)**

1. પ્રભુદર્શન કે પૂજા કરવા દેરાસક ક્યારેક ખાલી હાથે જવું નહીં, ધુપ, અક્ષત, પૂજનાં ઉપકરણો તથા ભંડારમાં પુરવા પૈસા વિ. અવશ્ય સાથે લઈને જવું જોઈએ.
2. દેરાસર પૂજા-દર્શન કરવા આવતાં જતાં ત્યાં બેઠેલા ગરીબોને રોજ યથાશક્તિ દાન આપવું.
3. દેરાસરનાં કંપાઉન્ડમાં પ્રવેશ ક ર્યા પછી સંબંધી કે ઓળખીતાઓ સાથે પરસ્પરના સમાચાર પૂછવા નહિ...ધંધા કે સંસાર સંબંધી કોઈપણ વાતચીત કરવી જોઈએ નહી.

4. પાનપરાગ, ગુટખા, બીડી-દવા, ખાવા-પીવાની વસ્તુ કે તેલ-છીંકણી...સુંઘવાની-લગાડવાની કોઈપણ વસ્તુ ખીસ્સામાંથી કાઢીને જ જિનાલયમાં પ્રવેશ કરવો. કેમ કે આ બધી વસ્તુ જિનાલયમાં લઈ જવી ઉચિત પણ નથી અને લઈ ગયા પછી વાપરવામાં પ્રભુજીના વિનયનો ભંગ થાય છે.
5. એંઠુ મોં સાફ કર્યા પછી જ દેરાસરમાં પ્રવેશ કરવો જોઈએ.
6. તિલક કરતી વખતે દર્પણમાં વાળ ઓળવા કે કપડાં ઠીકઠાક કરવા જોઈએ નહીં. પ્રભુની નજર પડતી હોય તેવા સ્થાને તિલક કરી શકાય નહીં તથા મુગટ કે હાર પહેરી શકાય નહીં.
7. દર્શન-પૂજા કરતાં પાછળનાઓને અને સ્તુતિ-ચૈત્યવંદન બોલતાં સમયે બીજાઓને અંતરાય ન થાય તેની ખાસ કાળઝી રાખી.

**ગભારામાં પ્રવેશ કરતાં પહેલાં...**

8. અષ્ટપડવાળો મુખકોશ બાંધ્યા વિના ગભારામાં પ્રવેશ કરી શકાય નહીં. ગભારમાં દૂહાઓ મોટેથી બોલાય નહીં. મનમાં બોલવા જોઈએ.
9. પૂજા કરતી વખેત ભાઈઓએ ખેસ વડે જ આઠ મુખખોસ બાંધવો જોઈ, રૂમાલ વાપરવો ઉચિત નથી.
10. પૂજા કરાવનો હાથ પાણીથી ધોઈ, ધુપ થી ધુપી, પવિત્ર કર્યા બાદ ગભારાના ઉંબેર, શરીર કે કપડે ન અડાડતાં સીધી પૂજા કરવા ઉપયોગમાં લેવાનો આગ્રહ રાખવો.
11. પૂજા કરતાં સમયે ઘડિયાળ પહેરવી ઉચિત નથી, હાથની આંગળીઓમાં વીંટી તથા શીરરે ઘરેણાં યથા શક્તિ અવશ્ય પહેરવાં જોઈએ.
12. પંચધાતુના પ્રભુજીને એક હાથથી ન પકડતાં બન્ને હાથથી બહુમાનપૂર્વક થાળીમાં લેવા જોઈએ.
13. પૂજા કરતાં શરીર-માથું વિ. ખંજવાળવું નહીં, છીંક, બગાસું, ઓડકાર વાછુટ વિ. કરવી નહીં, તેવી શક્યાતા લાગે તો ગભારાની બહાર નીકળી જવું, કાર્ય પૂર્ણ થયા બાદ હાથ વિ. અશુદ્ધ થયા હોય તો ધોઈને શુદ્ધ કરી લેવા.

**પૂજામાં...ભાવોની વૃદ્ધિ કઇ રીતે થઈ શકે....**

14. અષ્ટપ્રકારી પૂજા અને નવાંગી પૂજા કરતાં પહેલાં તેના ભાવાર્થનું લખાણ શાંતિથી વાંચીને વિચારવું અને કરતી વખતે ભાવપૂર્ણ કરવું.
 બધા ભગવાનની ટાઇપિસ્ટની જેમ જલદી જલદી પૂજા કરવા કરતાં અર્ત સમજીને વિધિ અને ભક્તિ જળવાઈ રહે તે રીતે શક્ય એટલા ભગવાનની શાંતિથી પૂજા કરવી તે આપણા ભાવોની વૃદ્ધિ માટે લાભદાયી બની શકે છે તેમાં મન સધાવાથી સઘળું સધાય છે.
 પ્રભુજીને ચંદન પૂજા, લોકપ્રિય રાજને વિજય તિલક કરીએ તેના કરતાં અધિક રજથી... પ્રેમથી .. ઉલ્લાસપૂર્વક ભાવના ભાવતાં ભાવતાં કરવી જોઈએ.
15. દૂધના પ્રક્ષાલથી ધારા પ્રભુજીના મસ્તકશિખાએથી કરવાની છે. નવાંગી પૂજાની જેમ 1-1 અંગ પર કરવાની વિધિ નથી.
16. પ્રભુજીના અંગલુંછણા સુંવાળા-સ્વચ્છ હોવો જોઈએ. અંગલુંછણા પવિત્ર રાખવા, આપણાં શીરરને કે વસ્ત્ર અડી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું, અંગલુંછણા થાળીમાં જ રાખવા, આપણા ખોળામાં, જમીન પર કે ગમે ત્યાં રખાય નહીં. દેવ-દેવીઓ માટે ઉપયોગ કરેલા અંગલુંછમા પ્રભુજીના અંગે વપરાય નહીં.

**પૂજા ક્યા ક્રમથી કરશો....**

17. 1) પહેલા મૂળનાયકજી પછી 2) બીજા ભગવાન તથા સિદ્ધચક્રજીનો ગટ્ટો પછી 3) ગુરૂમૂર્તિ અને છેલ્લે દેવ-દેવીઓને કપાળે જમણા અંગુઠાથી બહુમાન સ્વૂરૂપે એક જ તિલક કરવું. સિદ્ધચક્રજીના ગટ્ટા પૂજા કર્યા પછી તે જ કેસરથી બીજા ભગવાની પૂજ કર્યા પછી મૂળનાયક ભગવાનની પૂજા કરવામાં કોઈ બાધ નથી.
18. પૂજા કરતાં પ્રભુજીને નખ ન અડે અને નખને કેસર ન અડે તથા પૂજા પૂર્ણ કર્યા બાદ કેસર નખમાં ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું, કેમકે કેસર નખમાં રહી જાય અને ભોજન કરતાં કેસર પીગળીને પેટમાં જાય તો દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે.
19. ભગવાનના જમણા અંગુઠે સગાં-સંબંધીઓના નામની વારંવાર પૂજા કરવાની કોઈ વિધિ નથી. તેના બદલે સકળ સંઘવતી માત્ર એક તિલક કરી શકાય.
20. નવ અંગ સિવાય પ્રભુજીની હથેળીમાં, લંછનમાં કે પરિકરમાં રહેલ હાથી-ઘોડા-વાઘની પૂજા કરવાની વિધિ નથી.
21. પ્રભુજીના ખોળામાં માથું મુકાય કે અડાડાય નહીં. પૂજા કરવાની આંગળી, હથેલી સિવાયનું કોઈપણ અગં કે પૂજાનાં કપડાંનો પ્રભુજીને સ્પર્શ થવો ઉચિત નથી. આંગી વખતે કરી શકાય.
22. પાર્શ્વનાથ ભગવાનની ફણા નવઅંગમાં ગણાતી નથી. એથી ફણાની પૂજા કરવાની આવશ્યકતા નથી તેમ છતાં પૂજા કરવાની ભાવના હોય તો અનામિકા આંગળીથી કરવામાં કોઈ બાધ નથી.
23. પ્રભુજીના આંખ, નાક, મુખ કે શરીર પર કેસરના છાંટ પડ્યાં હોય તો તેને અંગલુંછણાથી સ્વચ્છ કરવાનો ખાસ ઉપયોગ રાખવો.
24. પંચધાતુના પ્રભુજીને સુંદર અંગરચના થઈ ગઈ હોય તો પછી તેને નવાંગી પૂજા કરવાનો આગ્રહ રાખવો ઉચિત નથી.
25. પ્રભુજીની પૂજામાં સારા, સુંગધવાળા, તાજા જમીન પર નહીં પડેલાં, અખંડ પુષ્પો જ ચઢવવાં, પુષ્પની પાંદડીઓ છૂટી કરયા નહીં કે પુષ્પો વીંધાય નહીં અને પુષ્પો વીંધીને માઓળા પણ બનાવાય નહીં. પુષ્પોને ક્યારેય પાણીથી ધોવા જોઈએ નહીં, કારણ કે ધોવાથી પુષ્પોમાં રહેલ સૂક્ષ્મ જીવોની વિરાધના થાય છે.
26. પ્રભુજીનું મુખ કે અંગ ઢંકાઈ જાય કે બીજાને પૂજા કરવામાં તકલીફ ન પડેતેવી રીતે વિવેકથી પુષ્પ ચડાવવા જોઈએ.

**દેવ-દેવીઓની ભક્તિ કરતાં....**

27. દેવી-દેવીઓ આપણા સાધર્મિકો છે. માટે તેમને અંગુઠાથી બહુમાનપૂર્વક કપાળે એક તિલક જ કરવાનું હોય છે. તેમના દરેક અંગ કે ફણામાં પૂજા કરવાની વિધિ નથી. તેમને બે હાથ જોડી પ્રણામ કરવાના છે. તેમને ખમાસમણ દેવાય નહીં કે ચોખાનો સાથિયો કરવાની જરૂર નથી.

    ભગવાની કરતાં દેવ-દેવીની વધારે પૂજા-ભક્તિ કરવી તે ઉચિત ન કહેવાય. પરમાત્માની આશાતના કહેવાય. શાસનરક્ષાદિના વિશેષ પ્રસંગે ગીતાર્થ ગુરૂભગવંતના માર્ગદર્શનાનસુરા કરાય.
28. અષ્ટમંગલની પાટલી માંગલિકરૂપે પ્રભુ સન્મુખ રખાય છે. તેને સ્વસ્તિકની જેમ આલેખવાના છે. તેની કેસરથી પૂજા કરવાની કોઈ વિધિ નથી. એટલે કેસરથી તે-તે આકૃતિ આલેખી રહ્યા છો તેવા ભાવથી કેસરની પૂરવણી કરાય.

29. પૂજા કર્યા પછી ગભારાની બહાર નીકળતાં અને જિનાલયમાં દરેક જગ્યાએ પ્રભુજીને પુંઠ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું.
30. પૂજા કર્યા પછી થાળી-વાટકી ધોઈને તેના સ્થાને જ રાખવી જોઈએ ગમે ત્યાં મૂકી દેવાય નહીં.
31. પૂજાના વસ્ત્રોથી થાળી-વાટકી સાફ કરવા નહીં, શરીરનો પસીનો કે હાથ લુંછવા તે આશાતના કહેવાય.

**સાથિયો કરવાની વિધિ...**

31(A)અક્ષત પૂજામાં ચોખા લીધા બાદ પહેલાં સિદ્ધશિલાની ઢગલી...પછી દર્શન-જ્ઞાન-ચારિત્રની ઢગલી અને છેલ્લે સાથિયાની ઢગલી કરવી. આલેખન કરવામાં પહેલાં સાથિયો અને છેલ્લે સિદ્ધશિલા કરવી.
32. **નૈવેદ્ય પૂજામાં પીપરમેંટ, ચોકલેટ, બજારની મીઠાઈ કે અભક્ષ વસ્તુ મૂકવી ઉચિત નથી.**
33. અક્ષત નૈવેદ્ય કે ફળપૂજામાં એકવાર ચઢાવેલ અક્ષત, સાકર, બદામ કે નારિયેળ વિ. વસ્તુ બીજીવાર પૂજાની ઉપયોગમાં કે ખાવાના ઉપયોગમાં લેવાય નહીં.
34. સાથિયો કરવાની ક્રિયા અને ચૈત્યવંદન સાથે કરાય નહીં. બે ક્રિયા ભેગી કરવાની ડહોળાઈ જાય અને ક્રિયાનું હાર્દ જળવાય નહીં.

**ચૈત્યવંદન કરતાં સમયે....**

35. ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રીજી નિસીહિ દ્વારા તમામ દ્રવ્યપૂજાની ત્યાગ કરવાનો છે. માટે ચૈત્યવંદન કરતાં સમયે કોઈ આપણો પાટલો લઈ કે સાથિયો ભૂંસી કાઢે તો તેમને રોકવા નહીં. ચૈત્યવંદન પૂર્ણ થાય ત્યાં સુધી પાટલો આપણી સામે કે સાથે જ રહે તે જરૂર નથી.
36. ચૈત્યવંદન કરતાં સમયે પચ્ચક્ખાણ લેવું નહીં, તેમ ગુરૂભગવંત સ્તુતિ કે ચૈત્યવંનદ વિધિ કરતાં હોય ત્યારે તેમની ભક્તિમાં ખલેલ પાડી પચ્ચખાણ માંગવું નહી.

**શું આપ જાણો છો....?**

37. પ્રભુજીના અંગ પરથી કેસર ઉતારવું....અંગલુંછણાથી શુદ્ધિ કરવી..દેરાસરમાં કાજો લેવો...થાળી-વાટકી સાફ કરવા...પાટલા વિ. ઉપકરણો વ્યવસ્થિત મૂકવાપણ પ્રભુજીની ભક્તિરૂપ જ છે. તે કાર્યો જાતે કરવાથી અશુભ કર્મોનો નાશ થાય છે અને ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે આવાં ઉત્તમ પ્રભુ સેવાનાં કાર્ય કરવામાં સંકોચ રાખવો નહીં.
38. પરમાત્માનું ન્હવણ જલ પવિત્ર હોવાથી લેતી વખતે તેનાં ટીપાં જમીન પર ન પડે તેની કાળજી રાખવી. ન્હવણના વાટકામાં પાંચેય આંગળી ન બોળતાં એક કે બે આંગળીથી ન્હવણ જલ પાત્ર એક જ વખત લેવું. ન્હવણ જલ નાભિથી ઉપરના ભાગ પર લગાડવું.

**બહેનો માટે વિશેષ સૂચના..**

39. પ્રભુદર્શન અને પૂજન કરતાં સમેય બહેનોએ અવશ્ય માહું ઢાંકવું જ જોઈએ. વસ્ત્રો પણ આપણી સંસ્કૃતિને છાજે તેવાં જ પહેરવા જોઈએ. મર્યાદાવાળા વસ્ત્રોમાં પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ અને વિનયભાવ પ્રગટે છે. અંગોપાંગ દેખાય તેવાં પારદર્શી વસ્ત્રો કે બીજાને અશુભાવ ઉત્પન્ન થાય તેવા ભડક કલરના કે ટાઇટ વસ્ત્રો પહેરીને દેરાસર આવવું ઉચિત નથી.

40. પૂજા તથા ભાવનામાં પુરૂષોની હાજરીમાં બહેનોએ ગાવું નહીં કે દાંડિયા લેવા જોઈએ નહી. પૂજા તથા ભાવનામાં ભાઈ-બહેનોએ સામ સામે મુખ રાખી બેસવું જોઈએ નહીં. તે કરતાં પ્રભુજીની સન્મુખ મુખ રાખી ભાઈઓએ આગળ અને બહેનોએ પાછળ બેસવું વધારે ઉચિત જણાય છે.
41. પૂજાનાં વસ્ત્રો શરીર પરથી ઉતાર્યા પછી ગમે ત્યાં ગમે તે વસ્ત્રોની સાથે મુકવાથી તથા બીજા વસ્ત્રો સાથે ધોવાથી અપવિત્ર બની જાય છે. માટે અલગ રાખવા તથા અલગ ધોવા જોઈએ.
42. પૂજાનાં વસ્ત્રો દરરોજ અને તે શક્ય ન હોય તો જેમ બને તેમ વહેલાં ધોતાં રહેવું જોઈએ, જેથી તે સ્વચ્છ અને પવિત્ર રહે.
43. જુનાં કે ફાટેલાં ધાર્મિક પુસ્તકો...દેરાસરમાં જ્યાં ત્યાં મુકી જવા તે ઉચિત નથી.
44. **પ્રભુની પૂજા એ પ્રબુ માટે નથી, પણ અનાદિ કાળથી વિસરાયેલા આપણા આત્મસ્વરૂપની પ્રતીતિ, અનુભૂતિ અને પ્રાપ્તિ માટે છે.**
45. પ્રભુ માત્ર દર્શનીય નથી, પ્રભુ તો પૂજનીય પણ છે. પૂજનીય પ્રભુના માત્ર દર્શન કરી સંતોષ માનવો એ પણ એ જાતની ઉપેક્ષા કહેવાય. માટે જ જે ભાગ્યશાળીઓ માત્ર દર્શન કરી સંતોષ માને છે, તેમણે વહેલામાં વહેલી તકે પ્રભુ પૂજાની શરૂઆત કરી દેવી જ જોઈએ.

**પ્રશ્નઃ- અષ્ટપ્રકારી પૂજની વિધિ-અવિધિ સું છે જાણો છો ?**

## પૂજા વિધિ

- ગાયના શુદ્ધ દૂધથી બન્ને હાથથી કળશને પકડી ભાવથી મૌનપણે મેરૂશિખર મનમાં બોલતાં, અભિષેક કરવો. અભિષેક મસ્તકથી કરવો, પછી પાણીથી અભિષેક કરી ત્રણ અંગલૂછણાં કરવા. પાણી રહે નહિ તેમ ધીમે ધીમે ભગવાનને કોરા કરવા. બનતી કોશિશે વાળાકુંચીનો ઉપયોગ ન કરવો.
- ચંદનથી વિલેપન કરવું. પછી નવાંગીપૂજા કરવી, લંછન-પરિકરમાં રહેલ હાથી-ઘોડા-વાઘાદિથી પૂજા ન કરાય. પ્રભુના હાથમાં પૂજા ન કરાય, પહેલા મૂળનાયક, પછી બીજ ભગવાન, ગુરૂ, દેવ-દેવી આ ક્રમથી પૂજા કરવી.
- ફૂલ અખંડ ચઢાવવું, પાંખડીઓ તોડી-તોડીને ન ચઢાવાય.
- પછી ધૂપ-દીપ-ચામર-દર્પણ-અક્ષત-નૈવેદ્ય-ફળાદિ અષ્ટપ્રકારી પૂજા કરવી.
- નિસીહિ બોલીને ચૈત્યવંદન કરવું, ચૈત્યવંદન વખતે કોઈ પાટલો લઈ લે કે સાથિયો ભૂસી કાઢે તો વાંધો નહીં. છેલ્લે ઘંટનાદ અને શંખનાદ કરી ભગવાનને પૂંઠ ન થાય તેમ બહાર નીકળવું.

**પ્રશ્નઃ પૂજા કરનારની સામે ઊભા થતા વિવિધ પ્રશ્નોના સમાધાનો શું ? જાણવા છે ?**

સિદ્ધચકજીની પૂજા કર્યા પછી એ જ કેસરથી અરિહંત ભગવાનની પૂજા કરવામાં દોષ નથી.

પૂજારીને નોકર નહિ, પ્રભુના ભક્ત તરીકે સાચવો.

પ્રભુદર્શન અને પૂજન ભવરોગને મટાડી મોક્ષ સુખ આપે છે. માટે ‘પ્રભુ ! મને મોક્ષ આપ’ એવી સુંદર ભાવના ભાવો. અષ્ટમંગલ આલેખવાના છે, એની પૂજા નથી. માટે છેલ્લે ચાર આંગળા વાટકીમાં બોળી એક-એક મંગલ પર હું આલેખું છું એવા ભાવથી ફેરવો.

ફણા ભગવાનનું અંગ જ છે માટે નવાંગી પૂજામાં આવી જાય.

નવાંગી સિવાય કેસરના ટપકાં ન કરો. ભગવાનું રૂપ વધે તેમ આંગી કરો.

પંચ ધાતુના પ્રતિમાજીને એક હાથથી ન પડકો, બન્ને હાથમાં બહુમાનથી લ્યો.

પ્રભુ પક્ષાલને માથે ચઢાવો અને આંખે લગાડો, બાકી આખા શરીરે માલિશ ન કરો.

ગભારામાં કોઈ પૂજા કરતું હોય તો એને ઉતાવળ ન કરાવો.

ઘણા ભગવાનની અવ્યવસ્થિત અને જલદી જલદી પૂજા કરવા કરતાં શાંતિથી ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરો.

દેરાસર આવતાં કે ત્યાં પૂજા કરતા નવવસિખાઉ સાધર્મિક ભાઈઓને પ્રેમથી વિધની જ્ઞાન કરાવો. પરંતુ ધિક્કાર અને તિરસ્કાર કદાપિ ન કરો.

દેરાસરમાં આવતા દરેક સાધર્મિક બે-ચાર જન્મોમાં કદાચ તીર્થંકર બની જાય તો ?

માટે દરેકની સાથે માનથી વાત્સલ્યપૂર્ણ વ્યવહાર રાખો.

નિયમનો લાભ અપાર છે માટે દરોરજ દેરાસર જવાનો નિયમ લ્યો. (જરા હો તોપણ) બીજા પણ નિયમ લ્યો.

ઘરે દેરાસર અને પ્રભુ પ્રતિમા અવસ્ય પધારવો.

પ્રભુ દર્શન-પૂજન વખતે ‘પ્રભો ! પાપી છું ઉદ્ધા કરો’ ની વિનમ્ર ભાવના રાખો. દેરાસરથી પાછા ઘરે જતાં ‘ફરીથી જલ્દી આવીશ’ એવી લાગણી અનુભવો.

પૂજાથી શાંતિ અને પરમશાંતિ મળે છે (ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું.) ભગવાન આ વિશ્વની અચિંત્ય શક્તિ છે. સર્વોચ્ચ સત્તા છે, એણ સતત અનુભવ કરો.

પૂજારી પાસે અંગત કોઈ પણ કામ ન કરાવો. ઘર સાફ કરીએ તો કર્મ બંધાય, દેરારસ સાફ કરીએ તો કર્મ ધોવાય.

કદાચ કો’ક કારણસર પૂજા ન થાય તો છેવટે દેરાસરમાં સાવરણી લઈ સ્વચ્છતા કરવી, એ પણ લાભ છે. **પ્રભુભક્તિનો પ્રકાર છે.**

**લક્ષ્ય**

અવિધિને છોડી વિધિને અપનાવો અને પ્રેમથી વિધિની વાત બીજાને સમજાવો. અંતે ચારિત્ર માર્ગની ઉત્તમોત્તમ સાધના કરી મોક્ષને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

**ભયંકર કાળ આવી રહ્યો છે**

અનેક ભવિષ્યવાણીઓ થઈ છે, થઈ રહી છે, કાળ ભયાનક આવી રહ્યો છે. જાત અને જગતને બચાવવા પ્રભુ શાંતિનાથ, દાદા શંખેશ્વર પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીનો સતત જાપ કરો. ઉવસગ્ગહરં-સંતિકરંનો પાઠ અને મહિને એક સંઘશાંતિ માટે આયંબિલ અવશ્ય કરો.

**સદ્વિચાર**

હે જીવ !

તું ક્યાંથી આવ્યો છે ?

અને ક્યાં જવાનો છે ?

આ તને ખબર નથી.

હે જીવ !

તું અનાદિથ કાળથી આ સંસારરૂપી દરિયામાં માછલાની જેમ આમ થી તેમ ભડકી રહ્યો છે.

અત્યાર સુધ પણ તને આ સંસારથી મોહ છે, આ સંસારના માણસો પ્રત્યે તને મમત્વ છે.

હે જીવ !

આ સંસારમાં તું બંધ મુઠ્ઠિએ આવ્યો હતો, પણ તું ખાલી મુઠ્ઠીએ જવાનો છે, તારી સાથે કશું આવવાનું નથી આ માટે-

હે જીવ ! તું પ્રભુભક્તિમાં લીન બની જા. સાચી સેવા પ્રભુ સેવા છે, પ્રભુ સેવાથી જ આપણને પુણ્યરૂપી મેવો મળવાનો છે અને પ્રભુચરણોમાં રહી પ્રભુની સાચા ભાવથી ભક્તિ કરી આ સંસારરૂપી દરિયામાં તરી જા.

**નિત્ય આરાધના વિધિ**

**(રાત્રે સુતી વખતે)**

**સાત નવકાર ગણીને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી.**

શ્રી અરિહંત પરમાત્માનું શરણ હો ।

શ્રી સિદ્ધ પરમાત્માનું શરણ હો ।

શ્રી સાધુ ભગવંતોનું શરણ હો ।

શ્રી કેવલી-પ્રરૂપિત ધર્મનું શરણ હો ।

**એગો મે સાસઓ અપ્પા નાણદંસાણ સંજુઓ**

**સેસા મે બહિરાભાવા સવ્વે સંજોગ લખ્ખણા ।।1।।**

એક મારો આત્મા શાશ્વત છે । જ્ઞાન દર્શન મારા ગુણો છે તે સિવાયબધા પૌદ્ગલિક સંજોગો, સંબંધો, ધન, સ્ત્રી, કુટુંબ વિગેરે આત્માથી જુદા છે, સાથે આવ્યા નથી, આવશે નહીં, સાથે કેવલ એક શ્રી જિનેશ્વર દેવનો ધર્મ જ આવશે.

**આહર-શરીરને ઉપધિ પચ્ચક્ખું પાપ અઢાર**

**મરણ આવે તો વોસિરે જીવું તો આગાર ।।2।।**

આજ દિવસથી મારા જીવે જે કાંઇ પુદ્ગલો ગ્રહણ કરીને મૂક્યા હોય તેને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું, વોસિરાવું છું, વોસિરાવું છું !

હે જગતદ્રત્સલ ! ભવચક્રમાં આજ દિન પર્યંત મારા જીવે આપશ્રીની આજ્ઞા અનુસાર જે કાંઈ આરાધન કર્યું હોય, કરાવ્યું હોય, કરતાનું અનુમોદન કર્યું હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

આપશ્રીની આજ્ઞાનુસાર જ્યાં-જયાં આરાધન થઈ હોય, થતું હોય, થવાની હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

હું સર્વ જીવોને ખમાવું છું, સર્વો જીવો મને ખમાવે, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ હું આલોચન કરું છું, મારે કોઈની સાથે વેર વિરોધ નથી. ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરતા સર્વો જીવો કર્મવશ છે, તે સર્વને મેં ખમાવ્યા છે. તે સર્વે મને ખમાવે, જે જે મનથી, વચનથી, કાયાથી પાપ કર્યું હોય તે મિથ્યા દુષ્કૃત થાઓ. (નાશ પામો).

**રાત્રે સાત ભયથી મુક્ત થવા 7 નવકાર**

**રાત્રિ પ્રાર્થના**

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરૂણો ।
જિણપણ્ણંત તત્તં, ઇઅ સમ્મત્તં મયે ગહિયેં ।।

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલીપન્નતો ધમ્મો મંગલં ।
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલીપન્નત્તો, ધમ્મો લોગુત્તમો ॥
ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ ।
સિધ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલનીપન્નત્તં, ધમ્મં સરણં પવજ્જામિ ॥
અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનમ્ ॥
દેહાન્તે તવ સાન્નિધ્યેં, દેહિ મે પરમેશ્વર ॥
એગોડહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ।
એવમદીનમણુઓ, અપ્પાણમણુસાસઈ ॥

### રાતનાં સૂતાં આટલું બોલો

સોનાનું કોડિયું, રૂપાની વાટ
આદીશ્વરનું નામ લેતા, સુખે જાય રાત
નવકાર, નવકાર તું મારો ભાઈ
તારે ને મારી ઘણી સગાઈ
અંત સમયે યાદ આવશોજી
મારી ભાવના શુદ્ધ રાખશોજી.
કાને મારા કુંથુનાથ, આંખે મારા અરનાથ
નાકે મારા નેમનાથ, મુખે મારો મલ્લિનાથ
સહાય કરે શાંતિ નાથ, પરચો પૂરે પાર્શ્વનાથ,
જ્ઞાન મારે ઓશીકે, શીયળ મારે સંથારે,
ભરનિંદ્રામાં કાળ કરું તો, વોસિરે વોસિરે વોસિરે.

### મંગલ પ્રાર્થના

અરિહા શરણં, સિદ્ધ શરણં સહુ શરણં વરીએ,
ધમ્મો શરણં પામી વિનયે, જિન આજ્ઞા શિર ધરીએ.
અરિહા શરણં મુજને હોજો, આતમ શુદ્ધિ કરવા,
સિદ્ધ શરણં મુજને હોજો, રાગ દ્વેષને હણવા,
સાહૂ શરણં મુજને હોજો, સંયમે શુરા બનાવ,
ધમ્મો શરણં મુિજને, હોજો, ભવોદધિથી તરવા,
મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે,
ચિદ્ધન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે.
**ભવોભવના પાપોને મારા, અંતરથી હું નીંદું છું;**

**સર્વ જીવોના સુકૃતોને, અંતરથી અનુમોદું છું.**

જગમાં જે જે દુર્જન જન છે, તે સઘળા સજ્જ થાઓ,
સજ્જન જનને મનસુખદાયી, શાંતિનો અનુભવ થાઓ;
શાંતિ જીવો આધિ વ્યાધિને, ઉપાધિથી મુક્ત બનો,
મુક્ત બનેલા પુરૂષોત્તમ આ, સકળ વિશ્વને મુક્ત કરો.

...અરિહા શરણં

**પરમાત્માની ત્રણ પ્રદક્ષિણામાં બોલવાના દુહા**

(1) કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણાનો નહીં પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર;
ભમતિમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય.

(2) જન્મ મરણાદિ ભય ટળે, સીઝે જો દર્શન કાજ,
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ;
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડો, ન લહે તત્ત્વ સંકેત.

(3) ચય તે સંચય કર્મનો, રિકત કરે વળી જેહ,
ચારિત્ર નામ નિર્યુક્તે કહ્યું, વંદો તે ગુણ ગેહ;
દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી નિરધાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર.

**પ્રભુ સન્મુખ બોલવાની સંસ્કૃતિ સ્તુતિઓ**

- દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ।
  દર્શનં સ્વર્ગસોપાનં, દર્શન મોક્ષસાધનમ્ ।। 1
- અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતાઃ સિદ્ધશ્ચં સિદ્ધિસ્થિતાઃ,
  આચાર્ય જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ
  શ્રી સિદ્ધાન્તુસાપઠાક મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
  પંચૈતે પરમેષ્ઠિતઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ।। 2
- તુંભ્યં નમસ્ત્રિભુવનાર્હિરાય નાથ ।
  તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણા ।
  તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય ।
  તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણા ।। 3
- સરસ શાન્ત સુધારસ સાગરં, શુચિતંર ગુણરત્નમહાગરમ્,
  ભવિકપંકજ બોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્ ।।4
- જિને ભક્તિ જિને ભક્તિ, જિને ભક્તિ દિને દિને ।
  સદા મેડસ્તુ સાદા મેડસ્તુ, સદા મેડસ્તુ ભવે ભવે ।।5

**પ્રભુ સન્મુખ બોલવાની ગુજરાતી સ્તુતિઓ**

- આવ્યો શરણે તમારા જિનવર! કરજો આશ પૂરી અમારી;

નાવ્યો ભવપાર મારો તુમ વિણ જગમાં સાર લે કોણ મારી?.
ગાયો જિનરાજા! આજે હરખ અધિકથી પરમ આનંદકારી;
પાયો તુમ દર્શ નાસે ભવ-ભય-ભ્રામણા નાથ! સર્વે અમારી. 1

- દેખી મૂર્તિ શ્રી પાર્શ્વજિનની, નેત્ર મારાં ઠરે છે,

ને આ હૈયું ફરી ફરી પ્રભુ, ધ્યાન તારું ધરે છે !
આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશા એ છે ! 2

- છે પ્રતિમા મનોહારિણી, દુઃખહરી શ્રી વીર જિણંદની;

ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની.
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે;
પામી સઘલાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે. 3

- અંતરના એક કોડિયામાં દીપ બળે છે ઝાંખો,

જીવનના જ્યોતિર્ધર, એને નિશદિન જલતો રાખો,
ઊંચે ઊંચે ઊડવા કાજે, પ્રાણ ચાહે છે પાંખો,
તમને ઓળખવા નાથ નિરંજન, એવી આપો આંખો ! 4

- દયા સિંધુ દયા સિંધુ, દયા કરજો દયા કરજે,

મને આ જંજીરોમાંથી હવે જલદી છૂટો કરજે,
નથી આ તાપ સહેવાતો ભભૂકી કર્મની જવાળા,
વરસાવી પ્રેમની ધારા હૃદયની આગ બુઝવજે 5

- જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે;

જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે.
પીએ મુદા વાણી સુધા, તે કર્ણ-યુગને ધન્ય છે;
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત ધન્ય છે. 6

- હું ક્યાંથી આવ્યો ક્યાં જાવનો, તેની પણ મને ખબર નથી.

તો પણ પ્રભુ લંપટ બની, હું ક્ષણિક સુખ છોડું નહી,
સુદેવ સુગુરૂ સુધર્મ સ્થાનો, મળ્યા પણ સાધ્યા નહિ,
શું થશે પ્રભુ માહરું, માનવભવ ચૂક્યો સહી. 7

## પૂજા વિભાગ

**સૂચનાઃ-** ત્રણ લોકના નાથ તેવા ત્રણ જગતના દેવ,પરમ કૃપાળુ જિનેશ્વર પરમાત્માની પૂજા કરતી વખતે સાત પ્રકારે શુદ્ધિ રહે તેનું ખાસ ધ્યાન રાખવું. જે નીચે પ્રમાણે છે.

(1) અંગ શુદ્ધિ (2) વસ્ત્ર શુદ્ધિ (3) મનઃશુદ્ધિ (4) ભૂમિ શુદ્ધિ (5) ઉપકરણ શુદ્ધિ (6) દ્રવ્ય શુદ્ધિ (7) વિધિ શુદ્ધિ

**અષ્ટપ્રકારી પ્રજાના સ્થળ**

| | | |
|---|---|---|
| ત્રણ પૂજા | બે પૂજા | ત્રણ પૂજા |
| જિનબિંબ ઉપર | જિનબિંબ આગળ | રંગ મંડપમાં |
| ગર્ભગૃહ બહાર | પાટલા ઉપર | |
| 1. જલપૂજા | 4. ધૂપપૂજા | 6. અક્ષતપૂજા |
| 2. ચંદનપૂજા | 5. દીપકપૂજા | 7. નૈવૈદ્યપૂજા |
| પુષ્પપૂજા | ફળપૂજા | |

**પૂજાના દુહા વિભાગ**

**પ્રભુ એક – પૂજા અનેક...પૂજાત્રિક**

**અંગપૂજાઃ જલપૂજા...ચંદનપૂજા...પુષ્પપૂજા...**

પરમાત્માના અંગને સ્પર્શીને જે પૂજાય તે અગંપૂજા કહેવાય.

☞ જીવનમાં આવતાં વિધ્નોનો નાશ કરનારી અને મહાફળને આપનારી આ પૂજાને વિધ્નોપાશામિની પૂજા કહેવાય છે.

**અગ્નપૂજાઃ ધુપ-દીપક-અક્ષત-નૈવેદ્ય-ફળપૂજા...**

પરમાત્માની સન્મુખ ઉભા રહીને જે પૂજા થાય તે અગ્ન પૂજા કહેવાય.

☞ મોક્ષ માર્ગની સાધનામાં સહાયક એવી સામગ્રીનો અભ્યુદય પ્રાપ્ત કરવાની આ પૂજાને **અભ્યુદયકારિણી પૂજા** કહેવયા છે.

**ભાવપૂજાઃ સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવન-ગીત-ગાન-નૃત્ય.**

જેમાં કોઈ દ્રવ્યની જરૂર નથી તેથી આત્માને ભાવવિભોર બનાવવાની પૂજાને ભાવપૂજા કહેવાય.

☞ મોક્ષપદની પ્રાપ્તિ એટલે કે સંસારથી નિવૃત્તિ અપાવતી આ પૂજાને નિવૃત્તિકારિણી પૂજા કહેવાય છે.

**નોંધ-** ધુપ..દિપક..અગ્રપૂજા કર્યા બાદ અંગપૂજા કરવી ઊચિત નથી. તેમ છેલ્લે ચૈત્યવંદનની ક્રિયા એટલે ભાવપૂજા કર્યા પછી અંગ કે અગ્રપૂજા કરવી ઉચિત નથી...અંગપૂજા-અગ્રપૂજા કર્યા પછી છેલ્લે ભાવપૂજા થાય તે શાસ્ત્રોક્ત કર્મ છે તે સાચવવો.

**આઠ કર્મોની ક્ષય કરનાર એવી... પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાના દુહા**

**1 જલપૂજા**

ધરતીનો સંતાપ જોવાયો નહિ એટલે ગગનના સિંહાસનનો ઉચ્ચ હોદ્દો છોડીને જળ નીચે વરસી પડ્યું.
કૃતજ્ઞતા દર્શાવવા માટે ધરતીએ ફરી તેને ઉચ્ચસ્થાન અપાવવા ભગવાનના મસ્તકે અભિષેક કરાવ્યો.
માનવ ! તું આટલું સમજ !
બીજાનું દુઃખ જોઈને નીચે આવે છે એ એ જ બધાના મસ્તકે ચઢવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

**પંચામૃતઃ** શુદ્ધ દુધ, દહીં, ઘી, સાકર અને જળનું મિશ્રણ (અત્તર વિ. બીજા પણ શુદ્ધ સુગંધી દ્રવ્યો તેમાં ભેળવી શકાય)

જલપૂજાનું રહસ્ય

જલ વજે પ્રક્ષાલ પ્રભુજીનો થાય અને કર્મો
આપણા આત્મા પરથી દૂર થાય

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।।૧।।

(સૂત્ર ફક્ત 'પુરૂષોએ' જ દરેક પૂજાની પહેલાં બોલવું.)

કળશ બે હાળમાં લઈને બોલવાનો દુહો

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફળ મુજ હોજો, માંગ એમ પ્રભુ પાસ !

ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીતમે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)

દુધનો (પંચામૃતનો) પ્રક્ષાલ કરતી વખતે બોલવાનો દુહો

મેરૂશિખર નવારેવ હો સુરપતિ, મેરૂશિખર નવારાવે;
જન્મકાળ જીનવરજી કો જાણી, પંચરૂપ કરી આવે હો.સુ.૧
રત્નપ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચૂરણ મિલાવે;
ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી. સ્નાત્ર કરી ગુણ ગાવે. હો.સુ.૨
એણી પરે જિન પ્રતિમા કો નવણ કરી, બોધિબીજ માનું વાવે;
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે હો.સુ.૩

જલ (પાણી નો પ્રક્ષાણ કરતી વખતે બોલવાનો દુહો

જ્ઞાન કળશ ભરી આતમા, સમતારસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચરૂ !

(૨) ચંદન પૂજા

પોતાના જિગરજાન દોસી ચંદનને ઘસાતું જોઈને કેસરથી રહેવાયું નહિ,
મિત્રને કેમ છોડાય ? પોતો પણ ઓરસીયામાં ઝંપલાવી દીધું.
ત્યારે અવાજ આવ્યો.
કેસરીયા ભાઈ કેસરીયા !
હે માનવ ! બીજા પર આપત્તિ જોઈને
તું ક્યારેય છૂપા જતો નહિ.

ઘર્ષણથી તો ગમરી પેદા થાય છે પણ તમે ચંદને ગમે તેટલું ઘસો, એ તો સુવાસ પાથરવા સાથે બીજાને ટાઢક જ આપે છે.

રે માનવ ! કાયા ઘસાઈ જવાની ફીકરના કરીશ.
તું બીજાઓને સુવાસ સાથે ટાઢક જ આપજે.

ચંદન પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વારા.....આપણો આત્મા

ચંદન જેવો શાંત અને શીતળ...બને.
નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥
શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ;
આત્મા શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ!
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીતમે જિનેન્દ્રાય  ચંદનં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
(સુખડથી વિલેપન પૂજા કરવી અને પછી કેસરથી નવે અંગે પૂજા કરવી. નખ કેશરમાં ન બોલાય અને પ્રભુને અડે નહિ તે ધ્યાન રાખવું.)

**મારા પ્રભુજીના નવાંગી પૂજાના દુહા**

1. અંગુઠે. જલ ભરી સંપુટ પત્રમાં, યુગલકિ નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત.

2...ઢીંચણે. જાનુબળે, કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેવ-વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનું નરશે.
3..કાંડે. લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન;
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભાવિ બહુમાન.
4..ખભે. માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભૂજા બળે ભવજલ તર્યા, પૂજો ખંધ્ય મહંત,
5...શિખાએ. સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસીયા તેણ કારણ ભવિ, શિરશિખા પૂજંત.
6...કપાળે. તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.
7...કંઠે. સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુરધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ.
8...હૃદયે  હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને દ્વેષ;
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ.
9...નાભિ. રત્નત્રયી ગુણ ઊજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિ કમળની પૂજના, કરતાં અવિચલ ધામ.
ઉપસંહાર. ઉપદેશક નવતત્ત્વના, તેણે નવ અંગ જિણંદ
પૂજો બહુવિધ રાગશું, કહે શુભવીર મુણીંદ.

**પૂજા કરતાં સમયે ભાવવાની ભાવના**

**(1) અંગુઠે પૂજા કરતાં ભાવવું કે...હે પ્રભુ !**
યુગલિકોએ આપશ્રીના ચરમના અંગુઠે અભિષેક કરી વિનય દાખવી આત્મકલ્યાણ કર્યું. તે રીતે સંસાર તરનારા આપના ચરણના અંગુઠાની પૂજા કરવાથી મારામાં પણ વિનય, નમ્રતા અને પવિત્રતાનો પ્રવાહ વહો.
**(2) જાનુ(ઢીંચણ) પર પૂજા કરતાં ભાવવું કે...હે પ્રભુ !**

આ જાનુના બળે ઉભા રહીને અપ્રમત્તપણે સાધના કરી આપે કેવળજ્ઞાન મેળવ્યું. આ જાનનું બળે દેશવિદેશ વિચરી ઘમા ભવ્ય આત્માઓનું કલ્યાણ કર્યું. આપના જાનુની પૂજા કરતાં મારો પ્રમાદ દુર થાઓ. અને મને અપ્રમત્તપણે આરાધના કરી આત્મ કલ્યાણ કરવાની શક્તિ મળો.

**(3) કાંડા પર પૂજા કરતાં ભાવવું કે...હે પ્રભુ !**

દીક્ષા લેતાં પહેલાં આપે આ હાથેથી સ્વેચ્છાએ લક્ષ્મી-અલંકાર-વસ્ત્ર આદિનું 1 વર્ષ  સુધી દાન આપ્યું. કેવળજ્ઞાન પાદ આ હાથેથી અનેક મુમુક્ષને રજોહરણનું દાન આપ્યું. આપના હાથની પૂજા કરતાં મારી કૃપણતા...લોભવૃત્તિનો નાશ થાઓ, અને યથાશક્તિ દાન દેવાના મુજને ભાવ થાઓ.

**(4) ખભા પૂર પજા કરતાં ભાવવું કે...**

અનંત જ્ઞાન અને અનંત શક્તિના સ્વામી હે પ્રભુ ! ભુજાબળે આપ સ્વયં સંસાર સાગર તર્યા, છતાં આપનામાં માન-અહંકારનો જરાય અંશ પણ દેખાતો નથી. આપે આ ખભેથી અભિમાનને રવાના કર્યું તેમ આ ખભાની પૂજાથી મારા પણ અહંકારનો નાશ થાઓ અને નમ્રતા ગુણનો મારામાં વાસ થાઓ.

**(4) મસ્તકે શિખા પર પૂજા કરતાં ભાવવું...કે પ્રભુ !**

આત્માસાધના તથા પરહિતમાં સદાય લયલીન એવા આપેલ લોકના સૌથી ઉપરના છેડે સિદ્ધશિલા પર કાયમ માટે વાસ કર્યો, આપની કાયાના સૌથી ઉપના છેડે રહેલા મસ્તકની શિખાના પૂજનથી મને એવું બળ મળો કે હું પણ હર પળે આત્મસાધના તથા પરહિતના ચિંતનમાં લીન રહી જલ્દીધી લોકના અંતે વાસ મેળવી આપના જેવા બની શકું.

**(5) લલાટે પૂજા કરતી વખતે ભાવવું કે... હે પ્રભુ !**

તીર્થંકર નામકર્મના પુણ્યના પ્રભાવે ત્રણે ભુવનમાં આપ પૂજનીય છો. આપ ત્રણ લોકની  લક્ષ્મીના તિલક સમાન છો. આપના લલાટની પૂજના પ્રભાવે મને એવું બળ મળો કે જેથી હું લલાટના લેખ અર્થાત્ કર્મ અનુસાર મળેલા સુખમાં રાગ કે દુઃખમાં દ્વેષ ન કરૂં, અવિરત આત્મસાધના કરતો આપની જેમ પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી બનું.

**(7) કંઠે તિલક કરતાં ભાવવું કે...હે પ્રભુ !**

આપે આ કંઠમાંથી જગત્‌ઉદ્ધારક વાણી પ્રકાશીને જગત પર અનુપમ કરૂણા અને ઉપકાર કર્યો છે, આપના કંઠની પૂજાથી હું એ વાણીની કરૂણાને ઝીલનારો બનું અને મારામાં એવી શક્તિ પ્રગટો કે જેથી મારી વાણીથી મારૂં અને સૌનું હિત થાય.

**(8) હૃદયે પૂજા કરાતાં ભાવવું કે... હે પ્રભુ !**

રાગ-દ્વેષ વિગેરે દોષોને બાળી મુકી આપે આ હૃદયમાં ઉપશમભાવ છલકાવ્યો છે. નિસ્પૃહતા-કોમળતા અને કરૂણા ભરેલ આપના હૃદયની પૂજાના પ્રભાવે મારા હૈયે પણ સદાય નિઃસ્પૃહતા-પ્રેમ-કરૂણા અને મૈત્રી આદિ ભાવનાનો ધોધ વહો. મારૂં હૃદય પણ સદાય ઉપશમભાવથી ભરપુર રહો.

**(9) નાભિ પર પૂજા કરતાં ભાવવું કે... હે પ્રભુ !**

આપે શ્વોસોશ્વાસને નાભિમાં સ્થિર કરી...મનને આત્માના શુદ્ધ સ્વરૂપમાં જોડી...ઉત્કૃષ્ટસમાધિ સિદ્ધ કરી. અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણોને પ્રગટ કર્યો છે. નિર્મળ એવી આપની નાભિના પૂજનથી મને પણ અનંત દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણોને પ્રગટ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાઓ. નાભિના આઠ રૂચક પ્રદેશની જેમ મારા પણ સર્વ આત્મ પ્રદેશો શુદ્ધ થાઓ.

**ઉપસંહારઃ** આપણા આત્માના કલ્યાણ માટે, નવતત્ત્વના ઉપદેશક એવા પ્રભુજીનાં નવ અંગોની પૂજા વિધીથી...રાગથી...ભાવથી..કરીએ, એવું પૂજ્ય ઉપા. વીરવિજયજી મહારાજ કહે છે.

### (3) પુષ્પ પૂજા

અમે તો બગીચામાં ઉગ્યા હતાં કાટાઓની વચમાં
સુગંધ અને પરાગજનું મુક્તપણે સમર્પણ કરતા હતા.
કોઈ કચડે તો પણ તેને અમે અત્તર આપતા હતા
પછી., અમે જોયું કે અમને તો પ્રભુજીના ખોળામાં વાસ મળ્યો છે.
માનવ ! તું પણ તારા જીવનપુષ્પનું
કરી દે સમર્પણ પરમાત્માના ચરણે !
ખરેખર, તું મહાન બની જઈશ.

### પુષ્પ પૂજાના રહસ્ય

આ પૂજા દ્વારા આપણું જીવન પુષ્પની જેમ
સુગંધિત બને, અને સદ્ગુણોથી સુવાસિત બને,

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાસર્વસાધુભ્યઃ ।।૧।।
સુરભિ અખંડ કુસુમગ્રહિ, પૂજા સંતાપ;
સુમ જંતુ ભવ્ય જ પરે, કરીયે સમક્તિ છાપ !
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીતમે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
પાંચ કોડીના ફૂલડે, પામ્યા દેશ અઢાર.
રાજા કુમારપાળનો, વર્ત્યો જય જયકાર !
(સુંદર સુગંધવાળા અને અખંડ પુષ્પો ચઢાવવા, નીચે પડેલા તથા વાસી પુષ્પો ચઢાવાય નહિ.)

### (4) ધૂપ પૂજા

અગરબત્તી ખૂણામાં પડેલી, કોઈ એને પૂછતું પણ ન હતું.
એણે સળગવા માંડ્યું.  એની સુગંધ ફેલાઈ.
બધાયની એ તરફ નજર ખેંચાઈ.
હે સજ્જન ! તારા અરમાનોને સળગાવીને
પણ તું બીજને સુગંધ આપજે !
બધા જ તને શોધતા આવશે.

### ધૂપ પૂજાનું રહસ્ય

આ પૂજા દ્વાર ધૂપની ઘટા જેમ ઉંચે જાય તેમ આપણો આત્મા ઉચ્ચ ગતિની પ્રાપ્તિ કરે.
નમોર્હત્સિદ્ધાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।।૧।।
ધ્યાનઘટા પ્રગટાવીને, વામનયન વિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ-સ્વરૂપ !
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય

શ્રીતમે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન માન્યા મોહનજી,
પ્રભુ ! અમે ધૂપઘટા અનુસરીયે, રે ઓ મન માન્યા મોહનજી,
પ્રભુ ! નહીં કોઈ તમારી તોલે રે, ઓ મન માન્યા મોહનજી,
પ્રભુ ! અંતે છે શરણ તમારૂં રે, ઓ મન માન્યા મોહનજી.
(પ્રભુજીની ડાબી બાજુએ ગભારાની બહાર ઉભા રહીને શુદ્ધ અને સુગંધી ધૂપ વડે ધૂપ પૂજા કરવી.)

**(5) દીપક પૂજા**

ઘી અને રૂની વાટ !
બંને પોતાની જાતને બાળીને એકજ કામ કર્યું...
અંધારામાં ઉજાશ પાથરવાનું
માનવ ! તું પ્રકાશ ન કરી શકે તો ભલે પણ
કોઈ ગરીબનો દીવો બુઝાવવાનું કામ કદી ન કરતો.

**દીપક પૂજાનું રહસ્ય**

આ પૂજા દ્વારા મારા આત્માના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાઓ અને જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ થાઓ.
નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।।૧।।
દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક !
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીતમે જિનેન્દ્રાય દીપં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
(ગભારાની બહાર પ્રભુજીની જમણી બાજુએ ઉભા રહી દીપક પૂજા કરવી.)

**(6) અક્ષત પૂજા**

પર મારો વાસ થાઓ
નામ જે કેવું મસ્ત છે. અક્ષત !
બસ, પ્રબુની પૂજા કરો ! હવે તો ક્યારેય ભવ પામવાનું જ નથી.
અક્ષયપદ તો હાથમાં જ છે !
ચોખો ! શું ક્યારેય ઉગે ખરો ! ના, ના, ના,
બસ, હવે એના દ્વારા પ્રભુની પૂજા કરો !
ભવ (સંસાર) માં ક્યારેય ઉગવું જ નહિં પડો
અર્થાત્ જન્મવું જ નહિં પડે.

**અક્ષત પૂજાનું રહસ્ય**

ચાર ગતિની ભવ ભ્રમણા ટાળી, અજન્મા
થવાની પૂજા એટલે અખંડ અક્ષત પૂજા

(થાળીમાં ચોખા લઈને બોલવાનો દુહો)
નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥
શુદ્ધ અખંડ અક્ષત ગ્રહિ, નંદાવર્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ !
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીતમે જિનેન્દ્રાય અક્ષતં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
સાથિયાની જગ્યાએ સુંદર ગહુલી પણ આલેખી શકાય,
થોડીક ગહુંલીઓ અહીં આપેલી છે.

**સાથિયો કરતી વખેત બોલવાના દુહા**

અક્ષત પૂજા કરતાં થકાં, સફલ કરૂં અવતાર.
ફલ માંગુ પ્રભુ આગલે, તાર તાર મુજ તાર....1
સાંસારિક ફલ માગીને, રડવડયો બહુ સંસાર.
અષ્ટ કર્મ નિવારવા, માગું મોક્ષ ફલ સાર....2
ચિહું ગતિ ભ્રમણા સંસારમાં, જન્મ મરણ જંજાલ.
પંચમ-ગતિ વિણ જીવ ને, સુખ નહીં ત્રિહું કાલ....3
ત્રણ ઢગલી અને સિદ્ધશિલા કરતી વખતે બોલવાનો દુહો
દર્શન-જ્ઞાન-ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાથી ઉપરે હો, મુજ વાસ શ્રીવાકર....4

**(7) નૈવેદ્ય પૂજા**

ઘણી મીઠાઓ ખાધી !
લાલસા તો અકબંધ રહી.
અજીર્ણનો રોગ વધ્યો.
હે ચેતન ! પરમાત્માના ચરણે ધર !
પેટમાં તો ક્યારેય અજીણે નહી થાય
સાથે સાથે કર્મરૂપી અજીર્ણ પણ ખલાસ થઈ જશે.
અણાહારીપદ તો ચપટી વગાડતાં જ આવી જશે.
નૈવેદ્ય પૂજાનું રહસ્ય
આ પૂજા દ્વારા અનંતકાળની મારા આહારની સંજ્ઞાઓનો
નાશ થાઓ અને અણાહારી પદની મને પ્રાપ્થ થાઓ.
નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥
અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઇય અનન્ત.
દૂર કરી તે દીજિયે, અણાહારી શિવ સન્ત. !

ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય

શ્રીતમે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
 ન કરી નૈવેદ્ય પૂજનાં, ન ધરી ગુરૂની શીખ;
લેશે પરભવે અશાતા, ઘર ઘર માંગશે ભીખ !
(સાથિયા ઉપર સાકર, તપાસા અને ઘરની બનાવેલી શુદ્ધ મિઠાઈ ચઢાવવી. બજારની મિઠાઈ, પીપર, ચોકલેટ કે અભક્ષ્ય વસ્તુ મુકાય નહિ.)

**(૮) ફળ પૂજા**

ઝેર તો માણસને મારે જ !
પણ કુશળ વૈદ્યના હાથથી લીધેલ હોય તો જીવાડે પણ ખરૂં.
સ્વાસ્થ્ય પણ પ્રાપ્ત થાય.
તેમ ફળ પણ આશક્તિ કરાવીને જીવને મારવાનું કામ કરે
પણ પરમાત્માના ચરણોમાં સમર્થન કર્યું હોય તો એ જ ફળ
પરમસુખરૂપ ઉત્તમ સ્વાસ્થ્ય આપે.

**ફળ પૂજાનું રહસ્ય**

આ પૂજા દ્વારા મુજને શાવ્ત શ્રેષ્ઠ એવા મોક્ષ ફળની પ્રાપ્તિ થાઓ.
નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।।૧।।
ઇન્દ્રાદિક પૂજા ભણી, ફલ ભાવે ધરી રાગ,
પુરૂષોત્તમ પૂજા કરી, માંગે શિવફળ ત્યાગ !
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય
શ્રીતમે જિનેન્દ્રાય ફલં યજામહે સ્વાહા. (27 ડંકા વગાડવા)
(શ્રીફળ, બદામ, સોપારી અને પાકાં ઉત્તમ ફળો સિદ્ધિશિલા ઉપર મુકવાં.)

**ચામર પૂજાનો દુહો**

બે બાજુ ચારમ ઢાળે,
એક આગળ વજ્ર ઉલાળે,
જઈ મેરૂ ધરી ઉત્સંગે,
ઇન્દ્ર ચોસઠ મળીયા રંગે,
પ્રબુ પાસનું મુખડું જોવા,
ભવો ભવનાં પાતિક ખોવા.

**દર્પણ પૂજાનો દુહો**

પ્રભુ દર્શન કરવા ભણી,
દર્પણ પૂજા વિશાલ;
આત્મ દર્પણથી જુએ,
દર્શન હોય તત્કાલ.

**પંખા પૂજાનો દુહો**

અગ્નિ કોણે એક યૌવના રે,
રયણમય પંખો હાથ,
ચલત શિબિકા ગાવતી રે,
સર્વ સહેલી સાથ,
નમો નિત્ય નાથજી રે.

## સ્નાત્ર પૂજા કરવાનો મહિમા

અચિંતપુણ્યના સ્વામી, ત્રણલોકના નાથ, દેવાધિદેવ તીર્થંકર ભવંતનો જીવ જ્યારે દેવલોકમાંથી ચ્યવી માતાનમા ગર્ભમાં આવે છે ત્યારે માકા ખૂબ જ અલૌકિક ેવા ચૌદ સ્વપ્નો જુવે છે. ગર્ભકાલ પૂરો થતા શુભ દિવસે અને શુભ મુહૂર્ત્તે જ્યારે બધા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહેલા હોય, બધા લોકો ઉત્સાહમાં અને ઉમંગમાં હોય, સમસ્ત સૃષ્ટિ પ્રભુનું સ્વાગત કરવા થનગીની રહી હોય ત્યારે મધ્યરાત્રીએ પ્રભુનો જન્મ થાય છે. તે વખતે ચૌદ રાજલોકમાં અજવાળા થાય છે અને સદાકાળ કારમી વેદના સહન કરતા નારકીના જીવોને પણ ક્ષણમાત્ર સુખની અનુભૂતિ થાય છે. છપ્પન દિક્કુમારીકાઓ પ્રભુનો જન્મોત્સવ કરે છે. દેવલોકમાં ઇન્દ્રોના સિંહાસન ચલાયમાન થાય છે. અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી 64 ઇંદ્રો અને બીજા ઘણા દેવી-દેવાતઓ પૃથ્વીતલ પર આવી મેરૂપર્વત પર પ્રભુનો મહોત્સવ ઉજવે છે.

ઇંદ્રો પાસે એ) સાક્ષાત્ જિનેશ્વર દેવ 2) સોનાનો મેરૂ 3) રત્નમય વગેરે કળશો 4) ક્ષીરસમુદ્ર વગેરેનું શુદ્ધજળ વગેરે હોય છે.

જ્યારે આપણી પાસે આ બધાના પ્રતિક રૂપે 1) પ્રતિમારૂપે ભગવાન 2) જર્મનસિલ્વરનું સિંહાસન 3) જર્મનસિલ્વરના કળશો અને કુવા વગેરેનું પાણી હોય છે. તેના દ્વારા આપણે પણ ઇંદ્રો જેવો જન્મોત્સવ ઉજવી આપણા ભક્તિમાં તરબોળ કરી શકીએ.

આમ 56 દિક્કુમારીકા અને 64 ઇંદ્રોએ મેરૂપર્વત પર ઉજવેલ પ્રભુના સ્નાત્ર મહોત્સવના પ્રતિકરૂપે જિનમંદિરોમાં દરરોજ સ્નાત્રોત્સવ ઉજવાય છે. આ સ્નાત્રોત્સવમાં પ્રભુનું સ્નાત્ર કરી આપણો કર્મમલ દૂર થાય છે. આપણો આત્મા નિર્મળ થાય છે.

## પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા

(કાવ્ય-દ્રુતવિલંબિતવૃત્તમ્)
સરસશાન્તિસુધારસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ॥1॥

**અર્થઃ**- શાન્તસુધારસના સમુદ્ર, અતિપવિત્ર ગુણરત્ના ભંડાર અને ભવ્ય પ્રાણીઓ રૂપી કમળોને ઉલ્લસિત કરવામાં સૂર્યસમાન શ્રી જિનેશ્વર ભગવંતને હું નિરંતર નમસ્કાર કરૂં છું. (1)

(દુહો)
કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિયે વિવેક;

મજ્જન પીઠે થાપીને, કરીએ જળ અભિષેક ॥2॥

**અર્થઃ**-ભગવાના શરીર ઉપરથી આભૂષણ તથા વાસી ફૂલ ઉતારીને, વિનયપૂર્વક ભગવંતને હાથમાં ધારણ કરી, સ્નાત્રપીઠ ઉપર ભગવંતને પધરાવવા અને પછી જળ વડે પ્રક્ષાલ કરવો. (2)

(પછી કુસુમાંજલીની થાળી લઈ ઊભા રહેવું.)

(ગાથા-આર્યાગીતિ)

જિણજમ્મસમયે મેરૂસિહરે, રયણ-કણય-કલસેહિં,

દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ ॥3॥

**અર્થઃ**-શ્રી જિનેશ્વર ભગવંતના જન્મ સમયે મેરૂપર્વતના શિખર ઉપર દેવોએ રત્નના અને સુવર્ણના કળશે વજે જે પ્રભુનો અભિષેક(પ્રક્ષાલ) કર્યો, એવા પ્રભુનાં દર્શન કરનારાઓને ધન્ય છે. (3)

(જ્યાં જ્યાં 'કુસુમાંજલિ મેલો' શબ્દ આવે ત્યાં ત્યાં પ્રભુના જમણો અંગૂઠે કુસુમાંજલિ મૂકવી.)

નિર્મળ જળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે,

કુસુમાંજલિ મેલો આદિ જિણંદા.

સિદ્ધ સ્વરૂપી અંગપખાલી, આતમ નિર્મળ હુઇ સુકુમાલી,

કુસુમાંજલિ મેલો ॥4॥

**અર્થઃ**-નિર્મળ જળના કળશો વડે અભિષેક કરી, અમૂલ્ય વસ્ત્રથી અંગલૂછણું કરી, શ્રી આદિજિણંદના ચરણમાં કુસુમાંજલિ મૂકવી. સિદ્ધસ્વરૂપ ભગવંતનો અભિષેક કરવાથી, આપણો આત્મા નિર્મળ(પાપ રહિત) થાય છે. કોમળ-દયાળુ બને છે. (4)

(ગાથા-આર્યાગીતિ)

મચકુંદ ચંપ માલઈ કમલાઈ પુપ્ફ પંચ વણ્ણાઈ,

જગનાહન્હવણ સમયે દેવા કુસુમાંજલિ દિંતિ. ॥5॥

**અર્થઃ**-મચકુંદ(બકલુ), ચંપો, માલતી, કમળ વગેરે પાંચ પ્રકારનાં પુષ્પો શ્રી જિનેશ્વર ભગવંતના અભિષેક વખતે દેવો ચઢાવે છે, તેને કુસુમાંજલિ કહેવાય છે. (5)

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વોસાધુભ્યઃ ।

**અર્થઃ**-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર કરૂં છું.

(કુસુમાંજલિ – ઢાળ)

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દિને;

કુસુમાંજલિ મેલો શાન્તિજિણંદા ॥6॥

**અર્થઃ**-પછી રત્ના સિંહાસન પર શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાને સ્થાપન કરી, જગતમાં જયવંત એવા શ્રી શાંતિનાથ ભગવંતના જમણા અંગૂઠા પર કુસુમાંજલિ મૂકવી. (6)

(દુહો)

જિણ તિહું કાલિય સિદ્ધની, પડિમા ગુણભંડાર,

તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ॥7॥

**અર્થઃ**- ત્રણ કાળમાં સિદ્ધ એવા શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમા ગુણોનો ભંડાર છે અને તે પરમાત્માના ચરણકમળમાં કુસુમાંજલિ મૂકવાથી ભવ્ય પ્રાણીઓનાં પાપ દૂર થાય છે. (5)

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વોસાધુભ્યઃ ।

(કુસુમાંજલિ- ઢાળ)
કૃષ્ણાગરૂ વરધૂપ ધરીજે, સુગંધ કર કુસુમાંજલિ દીજે;
કુસમાંજલિ મલો, નેમિજિણંદા. ।।8।।
**અર્થઃ**-ઉત્તમ કૃષ્ણાગરૂ ધૂપ હાથમાં ધારણ કરી, હાથને સુગંધિત કરી, જગતમાં જયવંત એવા શ્રી નેમિનાથ ભગવંતના ચરણકમળમાં કુસુમાંજલિ મૂકવી.
(ગાથા-આર્યાગીતિ)
જસુપરિમલબલદહ દિસિં, મહુકરઝંકાર સદ્દસંગીયા;
જિણચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા ।।9।।
**અર્થઃ**-જેની સુગંધથી દશે દિશના ભ્રમરો ગુંજારવ કરતા ભેગા થાય છે, એવી જિનેશ્વર ભગવંતના ચરણે ઉપરે મૂકેલી કુસુમાંજલિ દેવતાઓને અને મનુષ્યોને સિદ્ધગતિ આપે છે. (9)
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વોસાધુભ્યઃ ।
(કુસુમાંજલિ-ઢાળ)
પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફૂલ ઉદક કરધારી,
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા ।।10।।
**અર્થઃ**-ત્યાર પછી ઉત્તમ જળ તથા સ્થળનાં જળ અને ફૂલ લઈને જગતમાં જયવંત એવા શ્રી પાર્શ્વનાથ ભગવંતના ચરણ ઉપર કુસુમાંજલિ મૂકવી. (10)
(દુહો)
મુકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણકાળ. ।।11।।
**અર્થઃ**-દેવતાઓ પણ જે કુસુમાંજલિ શ્રી વીરપ્રભુના સુકુમાલ ચરણે મૂકે છે, તે કુસુમાંજલિ મૂકવાથી ભવ્ય પ્રાણીઓનાં ત્રણકાળનાં પાપ દૂર થાય છે. (11)
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વોસાધુભ્યઃ ।
(કુસમાંજલિ – ઢાળ)
વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, જિનચરણે પણ મંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીરજિણંદા ।।12।।
**અર્થઃ**-ઉત્તમ પ્રકારના વિવિધ શ્રેષ્ઠ જાતિનાં પુષ્પો લઈને જગતમાં જયવંત એવાં શ્રી વીરભગવંતના ચરણકમળમાં નમસ્કાર કરી કુસુમાંજલિ મૂકવી. (12)
(વસ્તુ – છંદ)
ન્હવણ કાળે, ન્હવણ કાળે, દેવદાણવસમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધીય;
જિણપયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામમંતો,
અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિસેસ.
કુસુમાંજલિ મોલ ચોવીસ જિણંદા. ।।13।।

**અર્થઃ**-શ્રી જિનેશ્વર ભગવંતના જન્માભિષેક વખતે દેવો અને દાનવો એકઠા થઈ દશે દિશામાં પ્રસરી રહેલી સુગંધવાળી કુસુમાંજલિ ચતુર્વિધ સંઘનું કલ્યાણ કરો. એમ કહી જગતમાં જયવંત એવા ચોવીસ જિનેશ્વર ભગવંતના ચરણકમળો ઉપર કુસુમાંજલિ મૂકવી.

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વોસાધુભ્યઃ ।

(કુસુમાંજલિ – ઢાળ)

અનંત ચઉવિશી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવિશી સંભારૂં,

કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ॥14॥

**અર્થઃ**-શ્રી જિનેશ્વર ભગવંતની અનંત ચોવીસીઓને નમસ્કાર કરૂં છું અને વર્તમાન ચોવીસીનું સ્મરણ કરૂં છું. એમ કહી ચોવીસ પ્રભુના નામથી કુસુમાંજલિ મૂકવી. (14)

(દુહો)

મહાવિદેહ સંપ્રતિ, વિહરમાન જિન વીશ,

ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ॥15॥

